સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ફરજ-નિષ્ઠાવાનો, મૂક્ત થઈ છોડતા જાય છે,
સાચી ઓળખ થતાં જ સંબંધ તોડતા જાય છે,
છોડતા જાય છે બધા કૈંક પતનની નિશાની -
સત્ય નિષ્ઠો, એના દંભનો ભંડો ફોડતા જાય છે.
(ઉર્જિત પટેલ ગયા !)

હાઈકુ

સ્વાતંત્ર્ય પર,
પડે એનો ઓછાયો -
થાય ગુલામ !
(પવિત્ર સંસ્થાઓ પર પ્રેમનો પડછાયો)

કરે વિચ્છેદ,
લોકશાહીનો છેદ -
ને થાય ખેદ!
(ભાંગફોડ વૃત્તિ)

ચિંતન

સુખહેતુષુ સર્વેષાં પ્રીતિઃ સાવધિરીક્ષ્યતે ।
કદાપિ નાવધિઃ પ્રીતેઃ સ્વાત્મનિ પ્રાણિનાં ક્વચિત્ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સર્વ પ્રાણીઓને સુખનાં કારણો ઉપર જે પ્રેમ હોય છે, તે અમુક અવધિ-મર્યાદા વાળો જોવામાં આવે છે. પરંતુ પોતાના આત્મા ઉપરની પ્રીતિમાં કોઈ કાળે અવધિ-મર્યાદા જ હોતી નથી.

ધન-સમૃદ્ધિ-ભૌતિક સુખો, સ્વાદ વગેરેની વાસના સદાકાળ - ચિરંજીવી સુખ આપતાં નથી ધનવાન પણ અચૂક સમય પછી આવી બાબતોની ઉબાઈ જાય છે.

પરંતુ સત્સંગ-સાધના-તપ દ્વારા મેળવેલું 'જ્ઞાન' અમર સુખ છે તેનાથી સુખ અને આત્મિક શાંતિ મળે છે. શરીર-આત્મા નથી આત્માને કોઈ પણ જાતની ઈચ્છામાં ન લપેટો.

સુવિચાર

- ઝાંકને કી કુછ બેહતરીન જગહોં મેં સે એક જગહ, અપના ગિરેબાની ભી હૈ... - **નિમેષ કંસારા**
- મોડા તો મોડા પણ કાયમાબ બનો, કેમ કે વર્ષો પછી લોકો મળશે તો ખેરિયત નહીં પૂછે, હેસિયત જોશે - **ડો. જીતેન્દ્ર અટીયા**
- સારો, ખરાબ એકવાર સૌનો સમય આવે છે..., હિંમત ના હારે એ જ વ્યક્તિ અહીં તો ફાવે છે - **જનક નાયક**
- ઘણા લોકો ચપ્પલ જેવા હોય છે, સાથ તો આપે પણ પાછળથી કીચડ ઉછાડતા હોય છે - **હર્ષ બ્રહ્મભટ્ટ**
- ધનથી ગરીબ રહો પણ દિલથી રહેજો ધનવાન, કારણ કે, ઝુંપડામાં લખેલું હોય છે, 'સુસ્વાગતમ્' જયારે મહેલમાં લખેલું હોય છે 'કૂતરાથી સાવધાન' - **ભીખુદાન ગઢવી**
- ઉઠવાની હિંમત હોય તો પાંખ ફૂટે, બાકી બેસી રહો તો કિસ્મત પણ ફૂટે - **નવનીત**
- આજનું ઔષધ : કમથીનો પાઉડર સુંઠના પાઉડરમાં મીક્સ કરી પાણી ઉમેરી શરીર પર પેસ્ટની જેમ લગાડવાથી અતિ પરસેવામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

આફ્રિકન નેશનલ કોંગ્રેસના નેતા નેલ્સન મંડેલા, ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકાના પ્રમુખ બન્યા. નેલ્સન મંડેલાના સમર્થકો એ અશ્વેત લોકો માટે વિવિધ માગણીઓ રજૂ કરી. એમાંની એક માંગણી પોતાની જાતિઓને આરક્ષણ આપવાની પણ હતી. આ સમયે નેલ્સન મંડેલાએ કાળી ગુલામી પછી રંગભેદ મુક્ત દક્ષિણ આફ્રિકાના પ્રજાજનોને કહ્યું, 'કોઈ પણ દેશના વિનાશ માટે અણુ બોમ્બ કે મિસાઈલની આવશ્કયતા નથી. માત્ર શિક્ષણનું સ્તર નીચું લાવવાથી અને પરીક્ષામાં કોપી કરવાની છૂટ આપવાથી આ કામ થઈ શકે છે. પણ આ રીતે ભણેલા ડૉકટરોથી દર્દીઓના મોત થશે અને આવા એન્જીનીયરોથી બાંધેલા મકાનો કે પૂલો જમીન દોસ્ત થઈ જશે. અર્થશાસ્ત્રીઓ અને કારકૂનો આર્થિક ગોટાળાઓ કરશે. અને ન્યાયાધીશોને હાથે ન્યાયનું ગળું ઘૂંટી દેવામાં આવશે. ધાર્મિક લોકોના હાથે જ માનવતાનું મૃત્યુ થશે. આનો અર્થ એટલો જ છે કે શિક્ષણનું પતન એટલે રાષ્ટ્રનું પતન.' નેલ્શન મંડેલાનું આ વકતવ્ય સાઉથ આફ્રિકન યુનિવર્સિટીના પ્રવેશ દ્વારા કોતરાયેલું છે. કોઈ પણ દેશની ચડતી કે પડતીનો આધાર એના શિક્ષણ પર રહેલો છે. શિક્ષણ કથળે તો આખો દેસ કલ્પના કરી ન હોય તે રીતે પતન પામે છે.

ભાજપના ગઢમાં મોટું ગાબડું

બધાને ખબર હતી કે પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી એ આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીનો જ પૂર્વાભાસ બની રહેશે. આથી બે મુખ્ય રાષ્ટ્રીય પક્ષો ભારતીય જનતા પાર્ટી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સહિત પ્રાદેશિક પક્ષો પણ પોતપોતાની હેસિયતનો અંદાજ લગાવવા મેદાને પડ્યા હતા. મધ્યપ્રદેશ અને છત્તીસગઢ કે રાજસ્થાનમાં કોંગ્રેસે બહુજન સમાજ પાર્ટી કે સમાજવાદી પાર્ટી જેવા પ્રાદેશિક પક્ષો સાથે ગઠબંધન નહીં કરવાનો નિર્ણય કરી પોતાની રાષ્ટ્રીય પાર્ટી તરીકેની છાપ જાળવી રાખી. તેલંગાણામાં એના લોકપ્રિય પ્રાદેશિક નેતા ચંદ્રશેખર રાવની સ્થાનિક પાર્ટી જ હાવી રહી અને બીજા નંબરે તો બીજા નંબરે પણ કોંગ્રેસ જ આવી. ભારતીય જનતા પાર્ટી માટે જે થોડુંક આશ્વાસન લેવાની જગ્યા બચી છે તે મધ્યપ્રદેશ છે. સત્તા માટેના જાદુઈ આંકડા સુધી નહીં પહોંચી શકયા હોવા છતાં શિવરાજસિંહ ચૌહાણની આબરૂ સાવ જ ધૂળમાં નથી મળી ગઈ. કયારેક અડવાણીના લાડીલા અનુયાયી ગણાયા શિવરાજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોટેન્શિયલ પ્રતિસ્પર્ધી ગણાતા હતા. મધ્યપ્રદેશમાં વ્યાપમ કૌભાંડ જેવી દુર્ઘટના બની હોવા છતાં શિવરાજની અંગત લોકપ્રિયતા જોર પર પર સમ્માનજનક હાર સાંપડી છે, એ કબૂલવું જ રહ્યું. રાજયની ગરીબ સ્ત્રીઓ એમને ભાઈ માનતી રહી છે અને યુવા વર્ગ એમને 'મામા' તરીકે ઓળખે છે. છત્તીસગઢના લોકપ્રિય નેતા ડૉ. રમણસિંહ ત્રણ ત્રણ ટર્મસુધી અણનમ રહ્યા પછી ઊંધે માથે પટકાયા છે. અહીંની નકસલ સમસ્યા ઉપરાંત કોંગ્રેસના વિદ્રોહી નેતા અજિગ જોગી સાથેની છૂપી સાંઠગાંઠ એમને નડી છે. પ્રજા આવી રાજરમતને પારખી જતી હોય છે. વરિષ્ઠ કોંગ્રેસ નેતા વિદ્યાચરણ શુક્ત સહિત આખી કોંગ્રેસ ટીમ નકસલ હુમલાનો શિકાર બની જતાં અહીં કોંગ્રેસ સુકાની રહિત બની ગઈ હતી. એથી પ્રજામાં કોંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિનો ભાવ પણ હતો. પરંતુ સરવાળે આખા હિંદી પટ્ટીમાં ભાજપનો રસાક થઈ રહ્યો છે. એવું ચિત્ર ઉપસી રહ્યું છે. રાજસ્થાનમાં કોંગ્રેસના પુનરાગમન કરશે એવા પૂર્વ સંકેતો ઘણા સમય પહેલાંથી મળી રહ્યા હતા. મધ્યપ્રદેશમાં નેતૃત્વની ખેંચમતાણને કારણે કોંગ્રેસને સારું એવું નુકશાન થયું છે. જયોતિરાદિત્ય સિંધિયા, કમલનાથ અને દિગ્વિજયસિંહ વચ્ચેના મનમુટાવ બહુ જગજાહેર હતા. રાજસ્થાનમાં વરિષ્ઠ કોંગ્રેસી નેતા અશોક ગહલોત અને ઝુઝારુ યુવા નેતા સચીન વચ્ચે સ્પર્ધા હોવા છતાં એકમેકને તોડી પાડવાની રાજરમત નથી. મિઝોરમમાં કોંગ્રેસી મુખ્યમંત્રી લાલથન હજલા બે બેઠકો પરથી ચૂંટણી લડ્યા અને બેઉ પરથી હારી ગયા. મિઝો નેશનલ ફ્રંટ નામના પ્રાદેશિક પક્ષને માતબર મેજોરિટી મળી. આ પણ દેશમાં વધી રહેલા પ્રાદેશિક પક્ષોના પ્રભુત્વનો જ સંકેત છે. કોંગ્રેસે ગુમાવેલ હિંદી હાર્ટલેન્ડ પાછી મેળવવામાં ઐતિહાસિક સફળતા મેળવી છે હવે રિવાજ મુજબ બધા કોંગ્રેસીઓ એનું શ્રેય એકલા રાહુલ ગાંધીને જ આપવાના છે. નરેન્દ્ર મોદીએ વિનમ્રતાપૂર્વક હાર સ્વીકારી છતાં ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતાઓ હારનું ઠીકરું પ્રાદેશિક નેતાગીરી પર જ ફોડશે. આપણી લોકશાહીની આ જ તો વિડંબના છે. ભાજપનાં વળતાં પાણી થઈ રહ્યાં છે ત્યારે સ્વાભાવિક છે કે કોંગ્રેસીઓ એના નેતાઓને એમની જ ભાષામાં ઉતારી પાડશે. કોંગ્રેસમુક્ત ભારતનાં સપનાં જોતા ભાજપના નેતાઓને હવે કોંગ્રેસયુક્ત ભારતનો નવો ચહેરો જોવા મળશે. સંભવ છે કે આ પરિણામો ભાજપ અને સંઘનાં વર્તુળોમાં આંતરિક વમળો જગાડે અને વર્તમાન નેતાગીરી સામે વિદ્રોહના સૂર વધારે બુલંધ બને.

તંત્રીસ્થાનેથી...

નગરની જણસ સમા લાખેલા તબીબ

લાગણીનો મેળો
રસિક વાળંદ

જોઈએ છે
તબીબ
જે
વિશ્વમાં સૌથી પ્રથમ શ્વાસ
લેવા મથતા શિશુને
ઉમંગભેર આવકારે
ચિર વિદાય લેતા
માનવના અંતિમ શ્વાસે
પ્રેમપૂર્વક હાથ ફેરવવાની
તક જતી ન કરે.
જેની પ્રવૃતિ અને પ્રવૃત્તિ
આંસુ લૂછવાની હોય.
કેન્સરથી કણસતા
અવાજને મૃદુતાથી
પંપાળે - એના અશ્રુબિંદુઓને
મોતી લેખે, આંસુની ભાષાને
કસબી હોય.
અંતિમ સ્થિતિ રોગની,
આર્થિક, માનસિક કે શારીરિક
એનો સાથીદાર હોય.
જે દર્દીને પરણે છે,
દોલતને નહીં.
રોગને પણ પોતીકો કરે છે.
કરુણા એનું સાધન
કસંબ એનું કવચ
પ્રેમ એનો મંત્ર
ઈશમાં શ્રદ્ધા બળ
મનનું જાગરણ
એની શક્તિ હોય.
- વસંત પરીખ

ફોન રણક્યો... મિત્રનો ફોન હતો... 'નમસ્તે... 'અમારી ચીચુબેનને મેડિકલમાં પ્રવેશ મળી ગયો...' વાતો વિસ્તારથી ચાલી... હું એ આનંદમાં સહભાગી થયો. ખુશી સમાચારના અભિનંદન પાઠવ્યા... પ્રતિપક્ષે દ્વિગુણિત આનંદ પડઘાયો.

●●●

તબીબી શાખામાં પ્રવેશ મળતો એ આનંદનો વિષય ખરો... સાથે સાથે કાબેલિયત માગી લે એવો જવાબદારીભર્યો પણ ખરો... આજે નાણાં ખર્ચી શકે એ બધા વિદેશ જઈને પણ ડૉકટરની પદવી મેળવી શકે છે, પરિણામે આવા તબીબ અધિકતમ નાણાં લઈ કઈ રીતે રળી શકાય બસ એજ વિચારણા હોય છે. આવા તબીબોને 'સેવા'ની કલ્પનાના પણ કયાંથી સૂઝે ?!

ઉમદા એવો તબીબી વ્યવસાય 'સેવા' મટી ઉદ્યોગ પુરવાર થયો છે.

મિત્રો, એક પ્રસંગ યાદ આવે છે,

'એક અનાડી શસ્ત્રવૈદ્યે એક ફ્રેન્ચ સ્ત્રીની નાની નસ કાપવાને બદલે ધોરી નસ જ કાપી નાખી! તેથી તેના શરીરમાંથી પુષ્કળ લોહી વહી ગયું અને તે મરણ પથારીએ પડી. મરતી વખતે તેણીએ શસ્ત્રવૈદ્યને જીવનપર્યંતનું એક સારું વર્ષાસન બાંધી આપતી ગઈ; પણતે એવી શરતે કે તેણે જીવન પર્યંત ફરીથી કોઈ પણ માણસની નસ ખોલવી નહીં ! એક પેરીસ રાજકુમારી કે જે પણ આવી જ રીતે મરણ પથારી હતી. તેણે મરતી વખતે કરેલા પોતાના વીલમાં નીચે મુજબ એક કલમ દાખલ કરાવી : - 'જે કમબખ્ત - હતભાગી શસ્ત્રવૈદ્ય મારા

અનુસંધાન પાના નં ૭ પર

મનુભાઈ ત્રિવેદીના બાળકાવ્યો

શ્રી મનુભાઈ ત્રિવેદીએ 'સરોદ'ના નામથી ભજનો લખ્યાં છે અને ''ગાફિલ''ના નામથી ગઝલો લખી છે. તમને કદાચ જાણ નહીં હોય પણ મનુભાઈએ બહુ સરસ બાળકાવ્યો પણ લખ્યાં છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ બહાર પાડેલા શ્રી મનુભાઈના સમગ્ર સાહિત્ય સંચયના પહેલા ભાગમાં ખાસ્સા ૭૯ જેટલા બાળગીતો આપવામા આવ્યાં છે. બધા કવિઓ કાંઈ સારા બાળકાવ્યો આપી શકતા નથી. પણ આ સંગ્રહ જોતાં લાગે છે કે શ્રી મનુભાઈ બાળમનના પણ સારા જાણકાર છે અને તેથી જ તેઓ સરસ મઝાના બાળકાવ્યો આપી શક્યા છે. બધા કવિઓની જેમ આ કવિ પણ બાળકોના ગમતાં પશુ, પંખી અને પ્રકૃતિ તત્વોના ગીતો લખે છે. તેમણે મોર, ચકલી, પતંગિયુ, ઘોડા, પંખીને, મોરલાનો સૂરજ અવતાર, મોરલો, ઢેલને, કોયલ મૂંગી કેમ ? એવાં પશુ-પક્ષીઓને વિષય બનાવી કાવ્યો લખ્યાં છે. તે જ રીતે પીંછું, નાનું ફૂલ, તારા. તારાનગર,છાંટા, વરુણની સવારી, વસંતના બોલ, આ દરિયાને, વૃક્ષો, ગાતાં ઝરણાં, વર્ષામાં, મેહુલિયાને, ફોરાં જેવા ફૂદરતી તત્વોને અનુલક્ષીને પણ સરસ ગીતો આપ્યાં છે. બાળકના મનની વાતો કહેતા હોય તેવાં મને ગાવા દો, હું તોડીશ, મારું મન, ડાહ્યો ડમરો, પાંખ મને દે તારી, નમતા નિશાળિયા, જવા દે માત જેવા બાળકોને હોંશે હોંશે ગાવા ગમે તેવાં સરસ ઢાળમાં બાળકાવ્યો લખ્યાં છે.તેમણે લગભગ બધા વિષય પર કાવ્ય લખ્યાં છે. અરે મીંડું વિષય પર કેવું લખ્યું છે ? વાંચો.

મને ગમે બહુ મીંડું એ તો લાગે જલનું બિંદુ ! હો મને ગમે બહુ મીંડું !

આ કાવ્યમાં આગળ વધતાં મીંડું લાડુની યાદ અપાવે છે, પૂનમના ચાંદ, ભટજીની ફાંદ અને તાજા તાજા ઈંડાની યાદ અપાવે છે. છેલ્લે કહે છે પૃથ્વી એક મોટું ઈંડું છે અને સૂરજ-ચન્દ્ર પણ ગોળ મીંડાં છે અને હું જીવતું એક નાનું મીંડું જ છું એમ છેક આધ્યાત્મિક કક્ષાએ પણ પહોંચી જાય છે. એક સાવ નાનકડા બાળકમનને આટલું વિચારતા કરી દે તેવી કવિતા હોવાં છતાં સહેજે ભારઝલ્લી લાગતી નથી એ મનુભાઈની સિધ્ધિ છે. પંચ નામની કવિતા પણ આ જ પ્રકારની છે. એકથી ચારના આંકડાઓમાં શૂન્યનું અસ્તિત્વ જોવા મળે છે. પણ પાંચડામાં શૂન્ય જતું રહે છે કારણ કે પંચ ત્યાં પરમેશ્વરના ન્યાયે શૂન્ય રહી શકે નહી. આવી ગજબની વાતો અને એય તે બાળકાવ્યોમાં તો કેવળ અને કેવળ મનુભાઈ ત્રિવેદી જ લખી શકે. ચાલો જવા દો એ વાત, આવી બધી ડાહી ડમરી વાતો કરવાને બદલે હું તેમનું ડાહ્યો ડમરો નામનું કાવ્ય જ વાંચવા આપું.

મનના ઉમંગો
રણછોડ પરમાર

● ડાહ્યો ડમરો ! ઘરમાં સહુ યે કામ ચીંધવા મને જ કાં બોલાવે ? રોતી બેબી રમાડવાનું મારે ભાગે આવે ! ગણાઉ હું ડાહ્યો ડમરો બસ તેથી મારો થાય મરો. હું ડાહ્યો ડમરો !

નિશાળમા હું કૈંક બોલું તો શિક્ષક પણ દબડાવે, બીજા બધા તો ઠીક , અરે તું ! કહેતા બાંય ચડાવે; પ્રશ્ન બીજાને સહેલા પૂછે,મને પૂછે તો અઘરો ! હું ડાહ્યો ડમરો !

મોટેથી બોલાય ન મારે, ધૂળની સોબત થાય નહિ, સાચું કહું છું થાકી ગયો છું ડાહ્યો ને ડમરો હું રહી; એક દિવસ માટે તો મુજને કોઈક ગાંડોતૂર કરો ! હું ડાહ્યો ડમરો !

આપણા ભણતરમાં વૃક્ષો વિષે ભણવાનું આવે છે પણ કોઈ વૃક્ષને ઓળખવાનું આવતું નથી. એટલે મોટા મોટા સ્કોલર વિધ્યાર્થીઓ પણ પાંચ ઝાડ ઓળખીને બતાવે એ શક્ય નથી. શહેરની શાળાઓમાં તો વૃક્ષને ઊભા રહેવાની જગ્યા જ હોતી નથી એટલે બિચારા બાળકો ઝાડને પારખે કઈ રીતે ? છોકરાંઓની વાત જવા દો, શિક્ષકો કેટલા ઝાડને જાણતા હશે તે એક ભારે મૂઝવતો સવાલ છે ! જાણે કે આ પ્રશ્નના નિકાલ માટે શ્રી મનુભાઈએ આ વૃક્ષોની દુનિયા નામનું મઝાનું કાવ્ય લખ્યું છે. આ કાવ્ય શિક્ષકોએ બાળકોને કોઈ ખેતરમાં અથવા બગીચામાં લઈ જઈને ગવરાવવું જોઈએ.

● વૃક્ષો આ વૃક્ષોની પણ દુનિયા છે ! કોઈ સુખિયાં છે ! કોઈ દુઃખિયાં છે ! આ વૃક્ષોની પણ દુનિયા છે !

આંબા છે મીઠપના મેરુ; વડલા છે ભાંગ્યાના ભેરો; વેલડનાં ચનગપતિયાં છે ! આ વૃક્ષોની પણ દુનિયા છે !

આસોપલવ છે બંકા નર ! ગુલમહોર હસે વર કે અણવર ! તરુમાં ય રસિકવર રસિયા છે ! આ વૃક્ષોની પણ દુનિયા છે !

એમાંય છે હો બળિયલ બાવળ ! દુબળિયા દુબળિયા આવળ ! એક નાવનાં વિધવિધ છડિયાં છે ! આ વૃક્ષોની પણ દુનિયા છે !

રસ લ્હેર ઝીલી સહુ લ્હેરે છે ! નિજ અર્ક જગતમાં વેરે છે ! આદર્શ નિરખ મન અહીયાં છે ! આ વૃક્ષોની પણ દુનિયા છે !

શ્રી મનુભાઈએ ફરીયાદનામુ નામનું એક મોટુ બાળકાવ્ય લખ્યું છે.તેમાં ઊંટ, બળદ, વાનરભાઈ, ઘોડો, ગધ્ધો, બિલ્લીબાઈ,કૂતો, પોપટ, ઉંદર, કાગ, બધા ભગવાન આગળ આ માણસ જાતનો બહુ ત્રાસ છે તેવી ફરિયાદ કરે છે. મૂરખાઓને ગધેડા જેવો છે તેમ કહે છે. બેવકુફને ઊંટ જેવો છે તેવું કહે છે. કોઈ માણસ ગમેતેમ લવારી કરે તો એને કહે છે કૂતરાની જેમ કેમ ભસે છે ? ધીંગા માણસને ઘોડા જેવો કહે છે, મીઢી બાઈને મીંદડી કહે છે,ઘરના ઉંદર ફોલી ખાય છે એવાં મ્હેણાં મારે છે, ગોખણિયાને પોપટ તરીકે ઓળખાવે છે, લુચ્ચાને કાગડો ગણે છે. વિચિત્ર માણસને વાનરવેડા કરે છે એવું કહે છે.છેલ્લે ભગવાન પૂછે છે કે કોઈ તમને માણસ જેવા કહે છે ? આવું થાય ત્યારે આવજો ,આપણે ફેંસલો કરીશું. એક સરસ બાળ નાટિકા થાય તેવું આ કાવ્ય છે. આખું કાવ્ય વાંચવા જેવું છે, પણ અહીં મેં ટૂંકમાં કહ્યું. વિગતે વાત કરવાનો મોકો મળશે તો જરૂર કરીશું.

પ્લીઝ, મને ફરી એક તક આપો !

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'તારે પૃથ્વી પર જવાનું છે.' પ્રભુએ આજ્ઞા કરી.
'હા... પણ કઈ રીતે ?'
'મેં કહયું એટલે જવાનું ?' પ્રભુ થોડુ કડક થઈને બોલ્યા.
'હા... પ્રભુ, હું કયાં ના પાડું છું. પણ હું કેવી રીતે જઈશ ?'
'હું બધી વ્યવસ્થા કરી દઉં છું વત્સ.'
'તો... તો... કંઈ વાંધો નઈ' ! ભકતે સંમતિ આપી દીધી.

પ્રભુ અને ભકત વચ્ચેનો સંવાદ ચાલતો હતો. પ્રભુ ભકતને પૃથ્વી પર મોકલવા માંગતા હતા.

પ્રભુએ ભકતને કેટલીક વસ્તુઓ વાપરવા માટે આપી.

'આ બધું શું છે ? 'ભકતે પ્રશન કર્યો.

'તને વાપરવા માટે પૃથ્વી પર અડધો ઘડો સોના મહોર દીધી છે. શાંતિથી વાપરજે ને એ...ય લ્હેર કરજે.'

'આ બીજા પોટલામાં શું છે ?'

'એંશી વર્ષનું આયુષ્ય'

'અરે.. વાહ.. મજા પડી ગઈ.'

'એક શરત એ છે કે જો તું આ સોનામહોર દાન કરીશ તો તે આપોઆપ વધશે. તેથી તું એંશી વર્ષનું જીવન સોનામહોર ખર્ચીને અને કેટલુક દાન કરીને જીવન જીવજે. મોજ મસ્તી પણ કરજે. અન્યને ઉપયોગી પણ થજે. તથાસ્તુ.' કહીને પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા.

બરાબર એંશી વર્ષ બાદ યમરાજા ભકતને ઉપાડી લાવ્યા. ભકતે ફરિયાદ શરૂ કરી.

'હજી મારે તો ઘણું બધું બાકી છે.'

'શું બાકી છે ?' યમરાજાએ પૂછયું.

'દાન કરવાનું બાકી છે, અન્યને ઉપયોગી થવાનું બાકી છે. ગાડી, બંગલો ખરીદવાનું બાકી છે.પ્લેનમાં બેસીને દુનિયા જોવાની બાકી છે. બધુ બાકી છે. યમરાજ !'

'એ માટે પ્રભુએ એંશી વર્ષ તો આપ્યા'તા, તે ઓછા પડયાં ?'

'હા.. મેં અડધો ઘડો સોનામહોર હતી તે પૂરો ઘડો સોનામહોર ભરી દેવા માટે તનતોડ મહેનત કરી બાળકો થયા, શિક્ષણ અને પછી પરણાવ્યાં પછી કેટલોક સમય બિમાર રહયો અને બસ એટલામાં તો તમે લેવા આવી ગયા.'

'અરે મૂર્ખ, તને સોનામહોર ભેગી કરવા માટે નહિ પણ વાપરવા માટે આપી હતી. જો દાન-પૂન્ય કર્યા હોત, બીજાને ઉપયોગી થયો હોત તો સોનામહોર આપોઆપ વધવાની જ હતી. તેં આવેલી તક ગુમાવી છે.'

'પ્રભુ મને ફરીથી મોકલો હવે હું આવી ભૂલ નહિ કરું !'

'મનુષ્ય દેહ એકવાર મળે છે મૂર્ખ.'

ભગવાને દરેકને વાપરવા માટે અડધો ઘડો સોનામહોર આપી જ છે. પરંતુ તે વાપરવાને બદલે અડધો રહેલો ખાલી ઘડો ભરી દેવામાં જ સમય પસાર થઈ જતો હોય છે. જોત જોતામાં જીવન આખું પૂરું થઈ જતું હોય છે. દાન આપવાથી સોનામહોર વધવાની છે એ વાત ભૂલી જવાય છે અને આખી જિંદગી સોનામહોર ભેગી કરવામાં વીતી જાય છે.

મૃત્યુ વખતે જવાનો સમય આવે છે ત્યારે ખ્યાલ આવે છે કે સોનામહોર વાપરવાની તો રહી જ ગઈ, અરે, દાન આપી અન્યને મદદરૂપ થવાનું તો .... ?

ભગવાને એંશી વર્ષ આ સોનામહોર વાપરવા માટે, મોજ-મજા માટે આપેલા હતા. પરંતુ મહાઆશ્ચર્ય વચ્ચે આપણે ભેગું કરવામાં જ વર્ષો ખર્ચી નાખતા હોઈએ છીએ. સોનામહોર ખર્ચવાને બદલે આપણે સમય ખર્ચી નાખીએ છીએ. અને એ ભૂલી જઈએ છીએ કે સોનામહોર પાછી મેળવી શકાય છે, પરંતુ સમય કયારેય નહિ. પ્રભુના દરબારમાં બીજી તક કયારેય મળતી નથી હતો. અન્યને ઉપયોગી થવાય તો જ જીવનનો સાચો ધર્મ અને મર્મ સમજાયો કહેવાય.

મિસરી

તમારી પ્રાર્થનામાં દમ નથી કે શું ?
શેનો ગુસ્સો ઉતારો છો નગાર પર !
સતત કુદરતની ગઝલો સાંભળી છે મેં
નદી, સરવર, ઝરણની વહેતી ધારા પર.

- રાકેશ સગર 'સાગર'

santoshdevkar03@gmail.com

અભિવ્યક્તિનો ઉત્સવ ઉજવીએ, અભિવ્યક્તિને ઉત્સવ બનાવીએ

આપણું ગાંધીનગર ગુજરાતનું પાટનગર એટલે કે હૃદય છે. અહીં અનેકવિધ સરકારી અધિકારીઓ અને રાજકારણ સાથે જોડાયેલા મહાનુભાવો વસે છે. કચેરીઓમાં વહીવટી કામનો ધમધમાટ આખો દિવસ અને સંપૂર્ણ વર્ષ દરમ્યાન ચાલતો રહે છે... આયોજનપૂર્વક વિકસાવવામાં આવેલા આપણાં શહેરની નિષ્પ્રાણતાની ટીકાઓ ભૂતકાળમાં ખૂબ થઈ... પરંતુ હવે પરિસ્થિતિ જુદી છે. સરકારી અને બીન-સરકારી બન્ને ધોરણે ગાંધીનગરનું નામ અને

અભિવ્યક્તિ' શાતા આપે છે, સન્માન પહોંચાડે છે...આશા આપે છે, વિશ્વાસ અને ધરપત અપાવે છે...સાંત્વના અને સકારાત્મકતા આપે છે

સ્થાન દેશ અને દુનિયાના નકશામાં અગ્રીમ બની ચૂક્યું છે. મહાત્મા મંદિરમાં અનેકવિધ કાર્યક્રમો યોજાતા રહે છે. સંસ્કૃતિ કુંજ જેવી સુંદર કુદરતી જગ્યામાં વસંતોત્સવનું આયોજન પણ શહેરીજનોને વસંતના આગમનની અનુભૂતિ કરાવે છે. અનેક સેવાકીય અને સાહિત્યિક પ્રવૃત્તિઓથી જનજીવનમાં એક ધબકાર અનુભવાય છે.

ગાંધીનગરમાં ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વાત કરીએ તો એની તો ગાંધીનગરને લત લાગી છે. ગાંધીનગરના કંઈ કેટલાય બાળકો-યુવક-યુવતીઓ અને કલાકારો અહીં પામેલા કલા-વિજ્ઞાનના બીજને વિકસિત કરી આજે રાજ્ય-દેશ અને વિશ્વના ફલક પર શહેરને યશ અપાવી રહ્યા છે. અહીં આપણે ત્યાં સાંસ્કૃતિકતાના સ્વાદને પોષતી અનેક પ્રવૃત્તિઓ અનેક સંસ્થાઓ દ્વારા થાય છે. તાલીમ થી શરૂ કરીને મોટા સાંસ્કૃતિક આયોજનોએ રાજ્યના હૃદય સમા આ શહેરને યુવાની બક્ષી છે. ભરયુવાનીના તરવરાટ અને સ્વપ્નો થકી ગાંધીનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એની ચરમસીમાએ છે. જેનું પ્રમાણ હાલમાં ટાઉનહોલ ખાતે જોવા મળ્યું. ગાંધીનગરની જાણીતી સંસ્થા - ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા હમણાં એક કાર્યક્રમનું આયોજન થયું. 'અભિવ્યક્તિ'- આમ તો આ કાર્યક્રમ છ માસથી ચાલતી પ્રવૃત્તિના સમાપનનો હતો, પરંતુ એનું રંગ-રૂપ અને આયોજન એક પરિપકવ અને વ્યવસાયિક કાર્યક્રમથી ઓછું ન આંકી શકાય એવું હતું.

સંસ્થા દ્વારા દર વર્ષે સંગીત, ચિત્ર, નૃત્ય, નાટક અને પર્સનાલિટી ડેવલપેમેન્ટ જેવા વિષયોને લઈને છ માસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં તાલીમ પામેલ તાલીમાર્થીઓની રજુઆતથી આ કાર્યક્રમનું માળખું ઘડાયું હતું. આ એક પ્રકારે સહજતા અને આત્મિયતાનો ઉત્સવ હતો. તમામ વયજૂથના ગાંધીનગરના અલગ-અલગ ખૂણે વસતા બાળકો, યુવાનો અને વયસ્કોની કળાને એક માળામાં પરોવીને અભિવ્યક્ત કરવામાં આવી ત્યારે કાર્યક્રમનું શિર્ષક યથાર્થ લાગ્યું, જેમાં તમામ ભાવોનો સમાવેશ હતો. આવા મૌલિક છતાં તાલીમનો સ્પર્શ પામેલા આ કાર્યક્રમ- 'અભિવ્યક્તિ' માં સહુએ ખૂબ પોતીકાપણું અને મુક્તતા અનુભવી એ આ કાર્યક્રમનું સબળ જમા પાસું કહી શકાય.

આમ જોઈએ તો 'અભિવ્યક્તિ' પોતે એક ખૂબ સુંદર ભાવ છે. જેના માધ્યમથી વ્યક્તિ મુક્તપણાનો ભાવ અનુભવી શકે છે. અસ્તિત્વમાં નિરાંત ભરનારો આ ભાવ જાદુઈ છે. કોઈ પણ અનુભૂતિને જો અભિવ્યક્તિનો સાથ ન સાંપડે તો આ સૃષ્ટિ પર કંઈ પણ સારા કે ખરાબની સંભાવના શક્ય નથી. પ્રત્યેક પળ ચારેકોર અભિવ્યક્તિનું અસ્તિત્વ અનુભવાય છે. આ ભાવનું અદભુતપણું એજ સમજી શકે જેણે જીવનમાં આ ભાવને ચલણમાં લીધો છે. સકારાત્મક અભિવ્યક્તિ અનેક જીવનમાં જીવન પૂરે છે. મૃત્યુપથારીએથી વ્યક્તિને ઊભો કરવાની શક્તિ આ ભાવમાં સમાયેલી છે.

અભિવ્યક્ત થયા પછીની હળવાશ સ્વર્ગીયથી સહેજ પણ ઓછી ન હોય. પરંતુ જ્યારે માનવીય સ્વભાવની મર્યાદા હાવી થાય ત્યારે આ અભિવ્યક્તિનું ગળું ઘૂંટાય છે અને કુદરતની દેણ જેવા આનંદનો વરસાદ રૂઠી જાય છે. અનેક જગ્યાએ જોવાય છે કે, આપણને સહુને નકારાત્મક અભિવ્યક્તિમાં ખૂબ આનંદ મળે છે. પરંતુ એમાં જો સજાગતા કેળવવામાં આવે તો સરકાર અને સામાજીક સંસ્થાઓના કામમાં ઘણો ઘટાડો થઈ શકે. 'અભિવ્યક્તિ' સર્જનનું પ્રતિક છે. એને ધ્વંસનું માધ્યમ ન બનવા દઈએ.

સંગીતકાર સંગીતના માધ્યમથી, ચિત્રકાર પીછી-રંગોના માધ્યમથી, નૃત્યકાર નૃત્ય દ્વારા, કવિ-લેખક સાહિત્યસર્જનથી અભિવ્યક્ત થાય છે. આ તો થઈ કલાની વાત...આ સિવાયના વિજ્ઞાન – ટેકનોલોજી, સંશોધનો જેવા બીજા અનેક માધ્યમો છે જેના દ્વારા પોતાના માંહ્યલાને પ્રગટ કરવાનું માધ્યમ શોધી લે છે અને જીવનમાં શણગાર સર્જે છે... જીવનને સુંદરતા બક્ષે છે. 'અભ